# જાહેરાત

## કૃષિ સંશોધન કેન્દ્ર અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર

## આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલિયા ફાર્મ, દાહોદ -૩૮૯ ૧૬૦

## ફોન નંબર: (૦૨૬૭૩) ૨૨૦૪૨૩

કૃષિ સંશોધન કેન્દ્ર અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., મુવાલિયા ફાર્મ, દાહોદ હસ્તકના ફાર્મના અનુક્રમે “બ” અને “ડ” વિભાગમાં આવેલ આંબાવાડીયામાં સને ૨૦૨૫-૨૬ દરમ્યાન આંબાના ફળ પાકના ફાલનો જે હાલતમાં છે તે મુજબ ફળ ઉતારવાનો ઈજારો આપવા માટે રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. આ અંગેની જરૂરી શરતો અને બોલીઓ દર્શાવતું **ટેન્ડર ફોર્મ જાહેરાતની તારીખ ૧૯.૦૪.૨૦૨૫** અત્રેની કચેરીમાંથી રૂા.૫૦૦=૦૦(નોન-રીફંડેબલ) રોકડા ભરી રૂબરૂ મેળવી લેવાનું રહેશે **અથવા** વેબસાઈટ www.aau.in ઉપરથી ડાઉનલોડ કરી ટેન્ડર ફોર્મની ફી પેટે રૂા.૫૦૦=૦૦ (નોન-રીફંડેબલ)નો **“એ.એ.યુ. ફંડ એકાઉન્ટ”**ના નામનો પેએબલ એટ આણંદનો ક્રોસ કરેલ ડીમાન્ડ ડ્રાફ્ટ સામેલ કરવાનો રહેશે. ભરેલ ટેન્ડર ફોર્મ **તા.૧૨.૦૫.૨૦૨૫ના** રોજ **૧૭.૦૦** કલાક સુધીમાં ફક્ત **રજી.પોસ્ટ એ.ડી./ સ્પીડપોસ્ટથી** જ અત્રેની કચેરીને મળેએ મુજબ સ્વીકારવામાં આવશે. અને ટેન્ડરના કવર ઉપર **“આંબાના ફળપાકનું ભાવપત્રક”** દર્શાવવાનું રહેશે. સદર ભાવ મંજુર કરવા કે નહી તેની સંપુર્ણ સત્તા નીચે સહી કરનારને અબાધિત રહેશે. જેની નોંધ લેવી.

**તા.૧૯.૦૪.૨૦૨૫, સ્થળ: દાહોદ** **યુનિટ વડા અને સહ સંશોધન વૈજ્ઞાનિક**


જાહેરાત

કૃષિ સંશોધન કેન્દ્ર અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી,
મુવાલિયા ફાર્મ, દાહોદ -૩૮૯ ૧૬૦
ફોન નંબર: (૦૨૬૭૩) ૨૨૦૪૨૩

કૃષિ સંશોધન કેન્દ્ર અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., મુવાલિયાફાર્મ, દાહોદ હસ્તકના ફાર્મના અનુક્રમે ‘‘બ’’ અને ‘‘ડ’’ વિભાગમાં આવેલ આંબાવાડીયામાં સને ૨૦૨૫-૨૬ દરમ્યાન આંબાના ફળ પાકના ફાલનો જે હાલતમાં છે તે મુજબ ફળ ઉતારવાનો ઈજારો આપવા માટે રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. આ અંગેની જરૂરી શરતો અને બોલીઓ દર્શાવતું ટેન્ડર ફોર્મ જાહેરાતની તારીખ ૧૯.૦૪.૨૦૨૫ અત્રેની કચેરીમાંથી રૂા. ૫૦૦=૦૦(નોન-રીફંડેબલ) રોકડા ભરી રૂબરૂ મેળવી લેવાનું રહેશે અથવા વેબસાઈટ www.aau.in ઉપરથી ડાઉનલોડ કરી ટેન્ડર ફોર્મનો ફી પેટે રૂા.૫૦૦=૦૦ (નોન-રીફંડેબલ)નો ‘‘એ.એ.યુ. ફંડ એકાઉન્ટ’’ના નામનો પેએબલ એટ આણંદની ક્રોસ કરેલ ડીમાન્ડ ડ્રાફ્ટ સામેલ કરવાનો રહેશે. ભરેલ ટેન્ડર ફોર્મ તા.૧૨.૦૫.૨૦૨૫ના રોજ ૧૭.૦૦ કલાક સુધીમાં ફક્ત રજી.પોસ્ટ એ.ડી./સ્પીડપોસ્ટથી જ અત્રેની કચેરીને મળેએ મુજબ સ્વીકારવામાં આવશે. અને ટેન્ડરના કવર ઉપર ‘‘આંબાના ફળપાકનું ભાવપત્રક’’ દર્શાવવાનું રહેશે. સદર ભાવ મંજુર કરવા કે નહીં તેની સંપુર્ણ સત્તા નીચે સહી કરનારને અબાધિત રહેશે. જેની નોંધ લેવી.

તા.૧૯.૦૪.૨૦૨૫, સહી/- યુનિટ વડા અને
સ્થળ: દાહોદ (માહિતી-દાહોદ-૨૭-૨૦૨૫) સહ સંશોધન વૈજ્ઞાનિક


## “સંદેશ દૈનિક પેપરની વડોદરા આવૃતિ“

## પેપરના પેજ નં. ૧૩

## તા.૧૮.૦૪.૨૦૨૫, શુક્રવાર

# <u>ટેન્ડર ફોર્મ</u>

## કૃષિ સંશોધન કેન્દ્ર

## આણંદ કૃષિ યુનિવર્સિટી

## મુવાલિયા ફાર્મ, દાહોદ- ૩૮૯ ૧૬૦

---

### <u>“આંબાના ફળપાકનું ભાવ પત્રક”</u>

### <u>વર્ષ: ૨૦૨૫-૨૬</u>

અત્રેના કૃષિ સંશોધન કેન્દ્ર અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલિયા ફાર્મ, દાહોદ-૩૮૯ ૧૬૦ ખાતે આવેલ અનુક્રમે ફાર્મના વિભાગ “બ” અને “ડ” વિભાગનાં આંબાવાડીયામાં વિવિધ પ્રકારની આંબાની જાતોનું વાવેતર કરેલ છે જેમાં ચાલુ વર્ષ વત્તા-ઓછા પ્રમાણમાં (જે હાલતમાં છે તે હાલત મુજબ) આંબામાં ફલિનીકરણ થયેલ છે. સદર આંબાવાડિયાનાં ફળો ઉતારવા માટેનો ઈજારો આપવાનો છે જેના માટે નીચે દર્શાવેલ કોષ્ટક પ્રમાણે અલગ-અલગ ભાવો ભરવાના રહેશે.

| અ.નં. | વિભાગ | (રૂ.) રકમ | શબ્દોમાં |
|---|---|---|---|
| ૧ | <u>આંબાવાડીયા ફાર્મનો વિભાગ “બ”</u> કૃષિ સંશોધન કેન્દ્ર આકૃયુ, દાહોદ | રૂ.________________ | અંકે રૂપિયા ____________________ પુરા |
| ૨ | <u>આંબાવાડીયા ફાર્મનો વિભાગ “ડ”</u> કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, દાહોદ | રૂ.________________ | અંકે રૂપિયા ____________________ પુરા |

આંબાવાડીયાનાં ફળ ઉતારવાના ઇજારો લેવા માટેના ભાવપત્રકની શરતો અને બોલીઓ હું વાંચી અને સંપુર્ણ સમજ્યો છું. જે શરતો અને બોલીઓ મને મંજુર અને સંપૂર્ણ બંધનકર્તા રહશે.

**તારીખ:** **ભાવપત્રક ભરનારની સહી:**

**સ્થળ:** **નામ:**

**સરનામું:**

**મોબાઇલ નંબર:**

# <u>: આંબાવાડીયાના વેચાણ માટે શરતો અને બોલીઓ:</u>

| | |
|---|---|
| ૧ | આંબાવાડીયામાં આવેલ તમામ જાતની કેરીના ભાવ સંયુકતપણે આપવાના રહેશે. |
| ૨ | **<u>કચેરી સમય સવારના ૯.૦૦ થી ૧૨.૦૦ અને સાંજે ૨.૦૦ થી ૫.૦૦</u>** કલાક દરમ્યાન આંબાવાડીયામાં કેરીનો ફાલ જોવા મળશે.. |
| ૩ | આ અંગેના જરૂરી શરતો અને બોલીઓ દર્શાવતું **<u>ટેન્ડર ફોર્મ જાહેરાતની તારીખ થી તા.૧૨.૦૫.૨૦૨૫</u>** સુધીમાં અત્રેની કચેરીમાંથી **<u>રૂા.૫૦૦=૦૦ (નોન-રીફંડેબલ)</u>** રોકડા ભરી મેળવી લેવું અથવા વેબસાઈટ **www.aau.in** ઉપર થી ડાઉનલોડ કરી **<u>ટેન્ડર ફોર્મની ફી પેટે રૂા. ૫૦૦=૦૦ (નોન- રીફંડેબલ)</u>**નો **<u>“એ.એ.યુ. ફંડ એકાઉન્ટ”ના નામનો પેએબલ એટ આણંદ</u>**નો ક્રોસ કરેલ ડીમાન્ડ ડ્રાફ્ટ સામેલ કરવાનો રહેશે. |
| ૪ | ઈજારદારે પોતાના નામથી ભાવ પત્રક ભરેલ ટેન્ડર ફોર્મ **<u>તા.૧૨.૦૫.૨૦૨૫ના રોજ ૧૭.૦૦</u>** કલાક સુધીમાં અત્રેની કચેરીને ફક્ત **<u>રજી. પોસ્ટ એ.ડી./ સ્પીડ પોસ્ટથી</u>** જ મોકલવાનું રહેશે. તેમજ ટેન્ડરના કવર ઉપર **<u>“આંબાના ફળપાકનું ભાવપત્રક”</u>** દર્શાવવાનું રહેશે. |
| ૫ | આંબાવાડીયાના ભાવ મંજૂર થયેથી જે તે ઈસમને અત્રેની કચેરી દ્વારા તુરંત જ જાણ કરવામાં આવશે. તેમજ મંજૂર થયેલ ભાવની કુલ રકમના નાણાં દિન-૩માં અત્રેની કચેરીમાં ભરપાઈ કરવાના રહેશે. જો સમય મર્યાદામાં નાણાં ભરપાઈ કરવાના બાકી રહેશે તો બીજા ક્રમે આવતી પાર્ટીને ઈજારો સોંપવામાં આવશે. જે કોઈ ઈસમ જાણી બુઝીને કોટેશનમાં ઉંચા ભાવ ભરી પાછળથી સમય મર્યાદામાં મંજૂર થયેલ નાણા અત્રેની કચેરીમાં ભરપાઈ કરવામાં કરવામાં નહીં આવે તો તેવા ઈસમને બ્લેક લીસ્ટમાં મૂકવામાં આવશે. |
| ૬ | નાણાં વસુલાતની બાબતની તમામ પ્રકારની સત્તા યુનિટ વડાશ્રી, કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સટી, દાહોદને આધિન રહેશે. સદર બાબતે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો યુનિટ વડાશ્રી, કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સટી, દાહોદએ મંજૂર કરેલ ભાવપત્રક કેન્સલ કરી અન્ય ઈજારદારને આપવામાં આવશે. |
| ૭ | આંબાવાડીયામાં આંબાના ફળ જ ઉતારી શકાશે. સૂકા ડાળખા કે અન્ય લાકડા તોડી શકાશે નહીં. આંબાવાડીયાના આંબાના ઝાડો તેમજ ફાર્મ આવેલ અન્ય ઝાડ કે મિલકતને નુકશાન કરી શકાશે નહીં. જો કચેરીના ફાર્મને કે કેન્દ્રની અન્ય માલ-મિલકતને નુકશાન કરતા માલુમ પડશે તો યુનિટ વડાશ્રી, કૃષિ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., દાહોદ-૩૮૯ ૧૬૦ દ્વારા નિમણૂક કરેલ કમિટી નુકશાન પેટે જે રકમ નક્કી કરશે તે ભરપાઈ કરવાની રહેશે. જે ઈજારદારને સંપૂર્ણ બંધનકર્તા રહેશે. |
| ૮ | અત્રેની કચેરીમાં નાણાં ભર્યા બાદ આંબાવાડીયાનો હવાલો કેરીનો પાક પૂર્ણ થાય ત્યાં સુધી જ સંભાળવવાનો રહેશે. આંબાવાડીયાની કેરી સાચવવાની જવાબદારી ઈજારદારની રહેશેઅને ચોરી કે નુકશાન વિગેરે થાય તો અત્રેની કચેરીની કોઈ જ જવાબદારી રહેશે નહીં. |
| ૯ | કોઈપણ બાબતનો વાદ-વિવાદ કે ઝઘડો ઉપસ્થિત થાય તો તેનો આખરી નિર્ણય યુનિટવડાશ્રી, કૃષિ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., દાહોદ-૩૮૯ ૧૬૦ જે નક્કી કરશે તે ઈજારદારને બંધનકર્તા રહેશે. |
| ૧૦ | ઈજારદારે પાકવા લાયક ફળો જ પોતાના ખર્ચે અને જોખમે જાતે ઉતરવવાના તેમજ પોતે જ વાડી અને ફળનું રક્ષણ કરવાનું રહેશે. તથા ફાર્મમાં કોઈ પણ જગ્યાએ પ્લાસ્ટીક, કચરો તેમજ અન્ય ખાધ્ય કે પીણુંના પદાર્થ નાખવું નહીં તેની ખાસ કાળજી રાખવી. |
| ૧૧ | **<u>ઈજારદારે કામ માટે રોકેલ માણસોના નામની યાદી સરનામા, મોબાઈલ નંબર, આધારકાર્ડની નકલ સાથે અત્રેની કચેરીને આપવાના રહેશે.</u>** આ સિવાયના કોઈપણ અસામાજિક તત્વોને પ્રવેશ મળશે નહીં. કચેરીની |

| | |
|---|---|
| | મંજૂરી બાદ જ ફળની વીણીના કાર્ય માટે જે તે માણસોને રોકી શકાશે. |
| ૧૨ | આંબાના ફળને બિનઅધિકૃત રસાયણ (કાર્બાઈડ) દ્વારા પકવવાની સરકારી ધારા – ધોરણ મુજબ મનાઈ છે. અને ફાર્મ ખાતે અન્ય સ્થળથી કાર્બાઈડ અથવા અન્ય કેરી લાવવી નહીં. જો કાર્બાઈડ કેરી અથવા અન્ય કેરી લાવેલ માલુમ પડશે તો ઈજારદારનો ઈજારો તુરંત જ રદ કરવામાં આવશે. જેની ખાસ નોધ લેવી. |
| ૧૩ | **આંબાવાડીયાની વાડીમાં આંબાના ફાલ વીણી વીણવાની છેલ્લી તા.૩૦.૦૬.૨૦૨૫ રહેશે.** ત્યાર બાદ ઈજારદારે કચેરીને જાણ કરી સ્થાન છોડવાનું રહેશે. જેની ખાસ નોંધ લેવી. |
| ૧૪ | જો વિપરીત વાતાવરણ, વાવાઝોડા અને કુદરતી આફતને કારણે ફળપાકને નુકશાન થશે તો તેની કોઈપણ જાતની જવાબદારી અત્રેની કચેરીની કે યુનિવર્સીટીની રહેશે નહીં. |
| ૧૫ | આંબાવાડીયાના ભાવપત્રક મંજૂર કરવા કે ના કરવા તેની તમામ સત્તા યુનિટવડાશ્રી, કૃષિ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., દાહોદ-૩૮૯ ૧૬૦ ને અબાધિત રહેશે. |
| ૧૬ | ઈજારદારે આંબાના ફળનું વેચાણ મુવાલિયા ફાર્મની કચેરી ખાતેના મુખ્ય ગેટની નજીક સીકયુરીટી પોઈન્ટ પાસે બેસીને વેચાણ કરવુ હોય તો કરી શકાશે. વધુમાં જણાવવાનું કે આંબાનું ફળ અન્ય સ્થળથી તેમજ માલ લાવીને જેતે જગ્યાએ વેચાણ કરી શકાશે નહી. |
| ૧૭ | સદર રસ ધરાવતી પાર્ટી એ અત્રેના કેન્દ્ર ખાતેનુ આંબાવાડીયુ જોઇ તપાસીની ભાવ ભરવાના રહેશે. |
| ૧૮ | કરાર ભંગ લવાદી રાહે નિકાલ કરવાનો રહેશે. જેની જવાબદારી ભાવપત્રક ભરનાર ઇજારદારની રહેશે. |
| ૧૯ | સદર હુ ઇજારાનાં સમય દરમિયાન ઈજારેદાર અથવા તેમના રોકેલ માણસોનું કોઈ પણ જાતનું અકસ્માત અત્રેના ફાર્મ ખાતે થશે તો તેમની સંપૂર્ણ જવાબદારી ઈજારેદારની રહશે. જે બાબતે અત્રેની કચેરીની કોઈ જવાબદારી રહેશે નહિ જે ઈજારેદારને બંધનકર્તા રહેશે. |

**યુનિટ વડા અને સહ સંશોધન વૈજ્ઞાનિક**
**કૃષિ સંશોધન કેન્દ્ર**
**આણંદ કૃષિ યુનિવર્સિટી**
**મુવાલિયા ફાર્મ, દાહોદ- ૩૮૯ ૧૬૦**